# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-mail:forum.pgvcl@gebmail.com

નં પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૨/કવા-૦૪/૨૨-૨૩/ 1721-2 તા.૦૯-૦૫-૨૦૨૩

પ્રતિ,

એમ.એમ.યાર્ન્સ પ્રા.લી.,

સર્વે નંબર નં-૮, કણકોટ ગોંડલ હાઈવે,

મું. પો. : ખારચિયા, તા. : જસદણ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૬૦

મોબાઈલ : ૭૫૭૪૮૫૦૮૯૯

વિષય : સોલાર યુનીટ જનરેશનના TOU યુનિટનુ વળતર ન મળવા અંગે.

સંદર્ભે: આપશ્રીની રજુઆત તા. ૨૪-૦૩-૨૦૨૩. (અત્રેના ફોરમની નોંધણી નંબર : ૩૨/કવા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) મુખ્ય ઈજનેર (પ્રોજેક્ટ), પ.ગુ.વી.કં.લી., નિગમિત કચેરી રાજકોટ

- અરજદારની અરજી અન્વયે અપાયેલ સદર હુકમના મુદ્દા નં – ૪.૬ મુજબ જરૂરી આનુષાંગિક કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા અને તેની જાણ અત્રેના ફોરમને નિર્દિષ્ટ સમયમર્યાદામાં કરવા નમ્ર વિનંતી છે.

(૨) અધિક્ષક ઈજનેર, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(3) કાર્યપાલક ઈજનેર, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જસદણ.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૨/ક્વા-૪/૨૨-૨૩/ 1721-2 તા. 09-05-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૩૨/ક્વા-૪/૨૨-૨૩, તા.૨૮-૦૩-૨૦૨૩

અરજદાર : શ્રી એમ.એમ.યાર્ન્સ પ્રા.લી., ગામ: સરધાર

રજૂઆત કરનાર : શ્રી એમ.એમ.યાર્ન્સ પ્રા.લી., વતી કંપનીના ડીરેક્ટર બ્રિજેશ પટેલ અને ટેકનીકલ એડવાઈઝર, નિમેશ વાડોદરીયા હાજર રહેલ છે.

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ

રજૂઆત કરનાર : શ્રી એ.ડી.સૈયદ, ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર તથા શ્રી કે.ડી.મોઢ, અધિક્ષક હિસાબનીશ (રેવન્યુ) અને તેમની સાથે બી.એ.માકડિયા, સીનીયર આસી (રેવન્યુ), પીજીવીસીએલ વિભાગીય કચેરી જસદણ

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

3) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૯.૦૪.૨૦૨૩ (શનીવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

2.0 Applicant having Spinning Unit Located at Survey No. 8, Atkot- Gondal Highway, Kharachiya Jam, Tal Jasdan, Dist- Rajkot.

2.1 For Captive consumption in Spinning Unit, applicant have installed 6.4 M.W Solar Ground Mounting Project at Survey No. 104P1, 104P2 and 104 P3, Village Baldhoi, Tal Jasdan, Dist Rajkot the Generation of 4 MW started in May-2022 & 2.4 MW started in Aug-2022.

2.2 Applicant have submitted letter for non-receipt of TOU Units reimbursement of Solar Unit Generation used as a captive consumption, after that constantly follow up with

PGVCL for resolution of said grievances but not received any satisfactory response from PGVCL side.

2.3 Applicant have inquired for same plant in other area of other division offices under PGVCL and found that other offices are providing the reimbursement, whereas PGVCL Jasdan office is denying for applying TOU reimbursement to above said unit billing account.

2.4 Applicant has represented that TOU unit reimbursement is designed to incentive for businesses to generate and feed excess electricity back into the grid during peak hours but it is not receiving said reimbursement, which is not being fairly compensated for their Investment in Solar Energy and efforts to reduce strain on the grid during peak hours. Applicant has attached PGVCL Solar Credit Certificate from May-2022 to Jan-2023 for Solar for reference and look forward to receive resolution to this matter.

2.5 During hearing of the said case applicant has submitted the certificate regarding surplus energy after set-off at recipient units under solar policy GLR No. SLR/11/2020/77/B1 Date: 29-12-2020 (Solar Power Policy-2021) of HT Consumer M/s Tribhovan Spintex Pvt. Ltd. having consumer no.23209 with contract demand 3000 KVA. Applicant has requested to Forum to give refund of TOU charges as billed in regular HT Bill.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલની લેખિત રજૂઆત પત્ર નં-૧૮૨૭ તા.૧૧.૦૪.૨૦૨૩ મુજબ અરજદારશ્રી એમ. એમ. યાર્ન્સ પ્રા. લી., મુ.ખારચીયા, તા.જસદણ, જી.રાજકોટ ખાતે ૪૦૦૦ કે.વી.એ.નું એચ.ટી. વીજજોડાણ ધરાવે છે જેના ગ્રાહક નં.-૨૭૫૯૯ છે.

3.૧ સદર ગ્રાહક ૬.૪ MW નું કેપ્ટિવ સોલાર ધરાવે છે, ગ્રાહક દ્વારા સોલાર જનરેશનનાં સેટ-ઓફમાં **TOU (TIME OF USE CHARGES)** ના વળતરની રજૂઆત કરેલ છે.

3.૨ અરજદારની રજૂઆત અન્વયે વિભાગીય કચેરી દ્વારા પત્ર તા.૨૫.૦૭.૨૦૨૨ થી ગ્રામ્ય વર્તુળ કચેરી,રાજકોટ પાસે માર્ગદર્શન માંગેલ હતું, જેના અનુસંધાને ગ્રામ્ય વર્તુળ કચેરી,રાજકોટ ના પત્ર તા.૦૬.૦૯.૨૦૨૨ થી માર્ગદર્શન આપેલ જેમાં સ્પષ્ટ જણાવેલ છે કે સોલાર પોલીસી-૨૦૨૧ માં **TOU** યુનીટના વળતર જમા આપવા અંગે કોઈ સ્પષ્ટતા નથી જેથી **TOU** ચાર્જીસ જમા આપવાપાત્ર નથી.

3.3 સદર અરજદાર દ્વારા ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ હેઠળની અન્ય વિભાગીય કચેરીમાં સોલાર જનરેશનમાં **TOU** ચાર્જીસ જમા આપે છે જે રજૂઆત અન્વયે તા.૨૭.૦૧.૨૦૨૩ ના પત્ર થી ગ્રામ્ય વર્તુળ કચેરી,રાજકોટ પાસે **TOU** યુનીટના ચાર્જીસ જમા આપવા અંગે માર્ગદર્શન માંગેલ. જે અનુસંધાને તા.૦૨.૦૨.૨૦૨૩ ના ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટના પત્ર મુજબ જણાવેલ કે એગ્રીમેન્ટમાં સ્પેસિફિક **TOU (TIME OF USE CHARGES)** યુનીટ ચાર્જ અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી એટલેકે ખરેખર કરેલ વીજવપરાશની સામે સોલાર જનરેશનના યુનીટનો સેટઓફ જે તે દિવસના વીજવપરાશની સામે આપવાનો રહેશે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૪ ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં રાખીને એચ.ટી. ગ્રાહકોને સોલાર જનરેશનમાં **TOU** ચાર્જીસ જમા આપવા કે કેમ તે અંગે કોઈ સ્પષ્ટતા કરેલ ન હોવાથી તા.૧૪.૦૨.૨૦૨૩ ના પત્રથી ગ્રામ્ય વર્તુળ કચેરી,રાજકોટ પાસે ફરીથી **TOU(TIME OF USE CHARGES)** જમા આપવા કે નહિ તે અંગે સ્પષ્ટ માર્ગદર્શન આપવા વિનંતિ કરેલ. વિશેષમાં જણાવવાનું કે રાજકોટ ગ્રામ્ય વર્તુળ કચેરી હેઠળ અધિક્ષક ઇજનેરશ્રીનાં અધ્યક્ષ સ્થાને એચ.ટી. ગ્રાહકોનાં વિવિધ પ્રશ્નો અનુસંધાને તા.૦૯.૦૩.૨૦૨૩ નાં રોજ મિટિંગ મળેલ. જેમાં

ઉપરોક્ત ગ્રાહક દ્વારા TOU(TIME OF USE CHARGES) જમા આપવાની રજૂઆત અંગે ચર્ચા કરેલ. ગ્રામ્ય વર્તુળ કચેરી,રાજકોટ ના પત્ર તા.૧૦.૦૩.૨૦૨૩ સાથે જોડેલ MOM માં મુજબ **"The matter is policy level hence circle office is not in a position to take any decision considering huge financial implication so circle office ask further guidelines from ACE (R&C) for strike line process in entire PGVCL to avoid any audit recovery and consumer grievances".**

૩.૫ આમ, ઉપરોક્ત કારણોસર અરજદાર શ્રી એમ.એમ.યાર્ન પ્રા.લી.ને સોલાર યુનિટ જનરેશનના સેટ-ઓફ આપતી વખતે TOU ચાર્જીસ જમા આપવામાં આવેલ નથી.

::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી એમ.એમ. યાર્ન્સ પ્રા. લી., મુ.ખારચીયા, તા.જસદણ, જી.રાજકોટ ખાતે ૪૦૦૦ કે.વી.એ.નું એચ.ટી. વીજજોડાણ ગ્રાહક નં. ૨૭૫૯૯ થી ધરાવે છે, સદર ગ્રાહક ૬.૪ MW નું કેપ્ટિવ સોલાર ધરાવે છે, જેમાં ૪.૦ MW નો સોલાર પ્લાન્ટ મે-૨૦૨૨ માં અને ૨.૪ MW નો સોલાર પ્લાન્ટ ઓગષ્ટ-૨૦૨૨ થી ધરાવે છે.

૪.૨ અરજદારની રજૂઆત મુજબ ગ્રાહક દ્વારા સોલાર જનરેશનનાં સેટ-ઓફમાં TOU(TIME OF USE CHARGES) યુનીટના વળતર મેળવવા માટે પીજીવીસીએલની વિભાગીય કચેરી જસદણ ખાતે રજૂઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થયેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

૪.3 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૨ થી ૩.૫ મુજબની વિગતે કરેલ રજૂઆત મુજબ **"The matter is policy level hence circle office is not in a position to take any decision considering huge financial implication so circle office ask further guidelines from ACE (R&C) for strike line process in entire PGVCL to avoid any audit recovery and consumer grievances".** સદર રજૂઆત મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારશ્રી એમ.એમ. યાર્ન્સ પ્રા. લી. ને સોલાર યુનિટ જનરેશનના સેટ-ઓફ આપતી વખતે TOU ચાર્જીસ જમા આપવામાં આવેલ નથી.

૪.૪ અરજદાર દ્વારા રજુ કરેલ **GEDA – Commissioning Certificate** તેમજ પીજીવીસીએલ પક્ષકાર સાથે કરેલ **Wheeling Agreement** ની વિગતો નીચે મુજબ નોંધાયેલ છે.

(અ) As per Wheeling agreement Dtd:18-05-2022 & Dtd:03-08-2022 PGVCL letter no. PGVCL /R&C/GERC/1556 and 2087 respectively, details mentioned as under.

(૧) સદર ફરિયાદી અરજદાર દ્વારા રજુ કરેલ એગ્રીમેન્ટની વિગત નીચે મુજબ નોંધાયેલ છે.

| Sr. No. | Item | Description |
|---|---|---|
| 1 | Installed Capacity of plant | 1) 4.002 MW (DC)/4.000 MW (AC) {For Date:18-05-2022} &<br>2) 2.62 MW (DC)/2.40 MW (AC) {For Date:03-08-2022} |
| 2 | Option selected | M/s. M.M. Yarns Pvt. Ltd. does not intend to utilize Renewable attributes of the generated energy. |
| 3 | Location | 1) Plot No. 4, Survey no. 104P1, 104P2, 104P3 of Village: Baldhoi,Ta.:Jasdan, Dist.: Rajkot { For 4.002 MW }<br>2) Plot No. 1, Survey no. 104P1, 104P2, 104P3 of Village: Baldhoi,Ta.:Jasdan, Dist.: Rajkot { For 2.62 MW } |
| 4 | Recipient unit | M/s. M.M. Yarns Pvt. Ltd.,<br>Aatkot-Gondal Highway, LS NO-8, AT-Kharachiya Jam,<br>Tal.-Jasdan, Dist.-Rajkot<br>Consumer No.: 27599, C.D.: 4000 KVA,<br>Tariff: HTP-I, Voltage:11 KV, Share-100% |
| 5 | Date of commissioning | Under commissioning |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

(૨) As per Wheeling agreement Dtd:18-05-2022 & Dtd:03-08-2022 PGVCL letter no. PGVCL /R&C/GERC/1556 and 2087 respectively forward the wheeling agreement to the applicant accordingly mentioned at Sr. No. 01 as following.

"The Said Solar Plant registered under the policy declared by GOG vide GR No. SLR-11-2020-77-B1 Dtd:29.12.2020. All the terms and conditions for wheeling of energy prescribed under the agreement are provisional as per the Solar Power Policy -2021 and subject to change as per further order / decision of GERC, GERC Open Access regulation -2011 and amendment there to, Intra-State ABT order and amendment there to and other applicable GERC regulations and amendments there to from time to time, are subject to amendment in accordance with the prevailing Act / Rules / Regulations as well as policy of GOG / Company."

(2) M/s. M.M. Yarns Pvt. Ltd. has opted option-2 and does not intend to utilize Renewable attributes of the generated energy, therefore, set off of wheeled energy shall be given between 07:00 Hours to 18:00 hours basis of same day at the recipient unit after deducting applicable losses. Any surplus energy not consumed as per energy accounting shall be compensated by Discom at Rs.1.65 per unit (i.e. 75% of Rs.2.20 per unit). Therefore, PGVCL will compensate surplus power from you as above, accordingly you have to submit an invoice for sale of excess energy to PGVCL at the address mentioned here under at the rate mentioned above.

(3) પીજીવીસીએલ અને અરજદાર વચ્ચે થયેલ સદર વ્હીલીંગ એગ્રીમેન્ટની શરત નં-૧૪ નીચે મુજબ નોંધાયેલ છે.

| | |
|---|---|
| 14.1 | All disputes or differences between the parties arising out of connection with this agreement shall be first tried to be settled through mutual negotiation. |
| 14.2 | Parties here to agree to attempt to resolve all disputes arising here under promptly, equitably and in good faith. |
| 14.3 | Each party shall designated in writing and communicate to the other party its own representative who shall be authorized to resolve any dispute arising under this agreement in an equitable manner and unless otherwise expressly provided herein, to exercise the authority of the parties hereto make decision by mutual agreement. |
| 14.4 | In the event that such differences or disputes between the parties are not settled through mutual negotiations within sixty (60) days after such dispute arises then it shall be adjudicated by appropriate commission in accordance with law. |

(૫) As per GEDA – Commissioning Certificate of 03-06-2022 and 15-09-2022

Name of Generator: M/s. M.M. Yarns Pvt. Ltd.,

1) Plant -1 : Plot No. 4, Survey no. 104P1, 104P2, 104P3 of Village: Baldhoi,Ta.:Jasdan, Dist.: Rajkot{For 4.002 MW }
2) Plant -2 : Plot No. 1, Survey no. 104P1, 104P2, 104P3 of Village: Baldhoi,Ta.:Jasdan, Dist.: Rajkot {For 2.62 MW }

Capacity of Solar Power Project-1: 4000 KW (AC), Project-2: 2400 KW (AC),

Name of Sub Station: 66 KV Getco Baldhoi S/S.

Date of Commissioning: Plant -1: Date:19-05-2022, Plant -2: Date:04-08-2022

૪.૪ As per Solar Power Policy -2021, following projects are covered :

(1) Projects for residential consumers
(2) Projects under captive use
(3) Projects under third party sale
(4) Projects under REC Mechanism
(5) Projects under RPO Compliance

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સોલાર પ્રોજેક્ટ પોલીસી-૨૦૨૧ માં જણાવેલ પ્રોજેક્ટની ટુંકી નોંધ નીચે મુજબ છે.

| Solar Policy-2021 | Residential consumers ( Clause No.9.10) | Captive use (Clause No.10.15) | Third party sale (Clause No.11.12 ) | REC Mechanism (Clause No.13.10) | RPO Compliance (Clause No.14.8) |
|---|---|---|---|---|---|
| Capacity Restriction | No restriction on installed capacity | No restriction on installed capacity | No restriction on installed capacity | Up to sanctioned load / contract demand | No restriction on installed capacity |
| Capital subsidy | As per Government of Gujarat scheme announced from time to time | | | | |
| Third party sale | Allowed | | | | |
| Energy Accounting | As per billing cycle | For HT/EHV consumers: Energy set-off Between 07.00 hours to 18.00 hours of same day. For LT demand-based consumers : Energy set-off, Between 07.00 hours to 18.00 hours in the billing cycle For LT other than demand-based consumers : Energy setoff shall be on billing cycle basis. | For HT/EHV consumers: Energy set-off; Between 07.00 hours to 18.00 hours of same day. For LT demand-based consumers: Energy set-off, Between 07.00 hours to 18.00 hours in the billing cycle LT other than demand-based consumers: Energy setoff shall be on billing cycle Basis. | 15-minute time block basis | 15-minute time block basis |
| Surplus Injection Compensation | For self-consumption : Rs. 2.25/Unit for first 5 years, thereafter 75% of lowest tariff discovered in GUVNL bid (refer above) & For third party sale : 75% of lowest tariff discovered in GUVNL bid (refer above) | For MSME: Rs.2.25 for first 5 years, thereafter 75% of simple average of tariff discovered in GUVNL bid (refer above) For others: 75% of simple average of tariff discovered in GUVNL bid (refer above) | 75% of simple average of tariff discovered in GUVNL bid (refer above) | 65% of the simple average of tariff discovered in GUVNL bid (refer above) | 75% of the simple average of tariff discovered in GUVNL bid (refer above) |
| Banking Charges | None | MSME units and other than Demand Based Consumers: Rs.1.10 per unit on energy consumed & For demand-based consumers: Rs.1.50 per unit on energy consumed & For Government Buildings: Exempted | MSME units and other than Demand Based Consumers: Rs.1.10 per unit on energy consumed For demand-based consumers: Rs.1.50 per unit on energy consumed For Government Buildings: Exempted | Exempted | Exempted |
| Transmission and Wheeling Charges | None | As decided by GERC from time to time | As decided by GERC from time to time | As decided by GERC from time to time | As decided by GERC from time to time |
| Cross Subsidy and Additional Surcharges | Not applicable for self-consumption Applicable in case of third-party sales | Exempted | As Decided by GERC time to time | As decided by GERC from time to time | For captive consumers: Not applicable For third party sale: As decided by GERC from time to time |
| Electricity Duty | As per the provision of Gujarat Electricity Duty Act, 1958 | | | | |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે સોલાર પોલીસી-૨૦૨૧ અંતર્ગત ઉપરોક્ત અલગ-અલગ પ્રોજેક્ટ અંતર્ગત કેપ્ટીવ સોલાર પ્રોજેક્ટ હેઠળ કરેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ મુજબ એનર્જી એકાઉન્ટીંગ, એચ.ટી. / ઈ.એચ.ટી. વીજગ્રાહકો માટે એનર્જી સેટઓફ સવારના ૦૭:૦૦ થી સાંજના ૦૬:૦૦ દરમ્યાન તે જ દિવસમાં કરવું. કેપ્ટીવ સોલાર અન્વયે કરેલ એગ્રીમેન્ટમાં એનર્જી એકાઉન્ટીંગ ૧૫ મીનીટના ટાઈમ બ્લોકમાં કરવાની કોઈ જોગવાઈ સદર પોલીસીમાં કરેલ નથી. સદર પોલીસીમાં નોંધાયેલ ક્લોઝ નં ૧૦.૫ નીચે મુજબ છે.

"In case of solar projects set up by HT/ EHV consumers for captive use, the energy setoff shall be allowed between 07.00 hours to 18.00 hours of the same day. That means, the generated solar energy during a day shall be consumed by HT or EHV consumer during 07.00 hours to 18.00 hours on

the same day. The surplus energy after the specified period shall be purchased by DISCOM at rates, specified under this policy."

સોલાર પાવર પોલીસી-૨૦૨૧ ના ક્લોઝ નં-૧૦.૯ નીચે મુજબ નોંધાયેલ છે.

"10.9 Excess drawl by consumer from the grid, if any, after giving set off shall be charged by the DISCOM at the applicable tariff of the respective category of consumer as determined by Hon'ble GERC from time to time."

સોલાર પાવર પોલીસી-૨૦૨૧ ના ક્લોઝ નં-૨૧ મીટરીંગ નીચે મુજબ નોંધાયેલ છે.

"21.1 The electricity generated by the SPGs, shall be metered on 15-minute time block basis by STU/DISCOM/SLDC/ALDC at the receiving end of the STU substation/ 11 kV system of DISCOM. For the purpose of energy accounting, solar generating projects shall provide ABT-compliant meters at the interface points. Interface metering shall conform to the Central Electricity Authority (Installation and Operation of Meters) Regulations as amended from time to time. STU/DISCOM shall stipulate specifications in this regard."

"21.2 In case of consumers having contracted load/sanctioned demand not exceeding 1 MW, DISCOM may allow installation of non-ABT meters at consumer level reprogrammed at consumer's cost as per the energy accounting requirement."

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં અરજદારની રજૂઆત મુજબ મે-૨૦૨૨ થી માહે જાન્યુઆરી-૨૦૨૩ ના સોલાર ક્રેડીટ સર્ટીફીકેટ પીજીવીસીએલ દ્વારા અપાયેલ છે, જેમાં TOU ચાર્જ બાબતે રજૂઆત કરેલ છે, તે મુજબ લાગુ પડતા ટેરીફ શેડ્યુલ વર્ષ-૨૦૨૨-૨૩ માં એચ.ટી.પી.-૧ ટેરીફ હેઠળ ક્લોઝ નં – ૧૪.૩ નીચે મુજબ નોંધાયેલ છે.

"14.3 Time of Use Charges :- For energy consumption during the two peak periods, viz, 07:00 Hrs to 11:00 Hrs and 18:00 Hrs. to 22:00 Hrs.
(a) For billing demand up to 500 kVA 45 Paise per unit
(b) For billing demand above 500 kVA 85 Paise per Unit"

૪.૫ અરજદારની ફરિયાદ મુજબ તેઓના એચ.ટી. વીજબીલમાં દિવસ દરમ્યાન થયેલ સોલાર યુનીટનું જનરેશન હોવા છતાં TOU યુનીટનો ચાર્જ વીજબીલમાં વધુ વસુલેલ છે, જે રીફંડ મેળવવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે, પરંતુ ઉપરોક્ત મુદ્દા નં ૪.૪ મુજબ ટેરીફ શેડ્યુલ અને અરજદાર દ્વારા સોલાર પોલીસી-૨૦૨૧ અંતર્ગત થયેલ એગ્રીમેન્ટ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા TOU યુનીટનો ચાર્જ વસુલેલ છે, જે યોગ્ય જણાય છે.

૪.૬ અરજદારની રજૂઆત મુજબ મુદ્દા નં ૨.૫ મુજબ પીજીવીસીએલ હેઠળની અન્ય વિભાગીય કચેરીઓમાં TOU યુનીટનો ચાર્જ પરત આપવામાં આવે છે, તે મુજબ એચ.ટી. ગ્રાહક મેં. ત્રીભુવન સ્પીનટેક્ષ પ્રા.લી. ગ્રાહક નં – ૨૮૨૦૯ દ્વારા સોલાર પ્રોજેક્ટ કેપ્ટીવ વપરાશ માટે પોલીસી-૨૦૨૧ હેઠળ એગ્રીમેન્ટ કરેલ જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અપાયેલ સોલાર એનર્જી સર્ટીફીકેટ તા.૩૦.૦૭.૨૨ થી નીચે મુજબ અપાયેલ છે.

| Sr. No | Date | Energy recorded | | | Energy scheduled from Other Source 19.05.22 to 31.05.22 | Wheeling Loss in % | Energy available net after Wheeling Loss | Energy scheduled during solar hours | Net energy to be credited (CALCULATED SEPARATELY) during Solar hours | | | Surplus Units during solar hours |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | KWH | Peak Hours | Night Hours | KWH | | | | KWH | Peak Hours | Night Hours | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 1 | 19.05.22 to 31.05.22 | 557304 | 187855 | 177212 | 85543 | 10 | 76989 | 76989 | 70129 | 66637.4 | 0 | 6860 |

| Sr. No | Date | Maximum Demand (Calculated Separately) | Net Energy Supplied by PGVCL 19.05.22 to 31.05.22 | | | Banking Charge 1.5/ unit (AS MSME REG.) in Rs | Wheeling Charges 1827/KWH in Rs. | 5 Paisa/Kwh applicable in such case when generate supply energy to more than 1 cons. |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | KWH | Peak Hours | Night Hours | | | |
| 1 | 19.05.22 to 31.05.22 | 2277 | 487175 | 121275 | 177212 | 77142 | 15629 | 0 |

ઉપરોક્ત કોષ્ટકનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે અરજદાર ગ્રાહક દ્વારા સવારના ૦૭:૦૦ થી સાંજના ૦૬:૦૦ કલાક દરમ્યાન કુલ ૫૫૭૩૦૪ યુનીટનો વીજવપરાશ થયેલ છે જેમાં દિવસના પીક અવર્સ દરમ્યાન સવારના ૦૭:૦૦ થી ૧૧:૦૦ ૧૮૭૮૫૫ યુનીટ નોંધાયેલ છે. (અરજદાર ગ્રાહક દ્વારા સવારના ૦૭:૦૦ થી ૧૧:૦૦ સુધી અને સાંજના ૦૬:૦૦ થી ૧૦:૦૦ એમ ૦૨ (બે) પીકઅવર્સ દરમ્યાન કુલ ૭૧૨૩૪૦ યુનીટનો વીજવપરાશ થયેલ છે). જ્યારે સદર ગ્રાહકના સોલાર પ્લાન્ટ દ્વારા પીક અવર્સ દરમ્યાન (સવારના ૦૭:૦૦ થી ૧૧:૦૦) નેટ ૬૬૬૩૭ યુનીટ જનરેટ થયેલ હોવાથી જે બાદ કરીને સદર ગ્રાહકના વીજબીલમાં પીકઅવર્સ દરમ્યાન વાપરેલ ૬૪૫૭૦૩ (૭૧૨૩૪૦-૬૬૬૩૭) યુનીટ મુજબ એડજેસ્ટમેન્ટ વીજબીલમાં કરેલ છે એટલેકે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નેટ પીક અવર્સના યુનીટ - ૧૨૧૨૧૮ (૧૮૭૮૫૫-૬૬૬૩૭) ની આકારણી બીલમાં કરેલ છે.

૪.૭ સદર કેસના સંદર્ભમાં ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ દ્વારા વિશેષ મુખ્ય ઈજનેર આર એન્ડ સી નિગમિત કચેરી રાજકોટને પત્ર તા.૧૭.૦૩.૨૦૨૩ થી કરેલ રજૂઆત મુજબ TOU ચાર્જ લાંગુ પડતા ગ્રાહકોને પીજીવીસીએલ સાથે એગ્રીમેન્ટ કરેલ પોલીસી મુજબ આકારણી કરવામાં આવે છે, પરંતુ ઉપરોક્ત વિગતો ચકાસતા પીજીવીસીએલની સંલગ્ન રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરી દ્વારા સોલાર જનરેશન સર્ટીફીકેટ મુજબ TOU ચાર્જ જમા આપેલ છે, જે બાબત વિરોધાભાસી જણાય છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સદર બાબતોને ધ્યાનમાં લેતા સોલાર પોલીસી-૨૦૨૧ તેમજ લાગુ પડતા રેગ્યુલેશન અને ટેરીફ શેડ્યુલ મુજબ વીજબીલમાં સેટઓફ નિયમાધીન આપવામાં આવે તેમજ એકસુત્રતા જળવાઈ રહે તે માટે પીજીવીસીએલના નિગમિત કચેરીના સક્ષમ અધિકારી મુખ્ય ઈજનેરશ્રી (પ્રોજેક્ટ) દ્વારા યોગ્ય કાર્યવાહી થવી જરૂરી છે.

૪.૮ ઉપરોક્ત મુદ્દા નં ૪.૬ અને ૪.૭ અન્વયે અરજદારની રજૂઆતમાં તથ્ય જણાય છે એટલેકે સોલાર પોલીસી-૨૦૨૧ હેઠળ કેપ્ટીવ સોલાર અંતર્ગત થયેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ મુજબ TOU ચાર્જ નું એડજેસ્ટમેન્ટ પીજીવીસીએલની રાજકોટ ગ્રામ્ય વિભાગીય કચેરી હેઠળ વીજબીલમાં આપવામાં આવેલ છે, પરંતુ જસદણ વિભાગીય કચેરી હેઠળ આપવામાં આવતું નથી. સદર બાબતોને ધ્યાનમાં લેતા સોલાર પોલીસી-૨૦૨૧ મુજબ TOU ચાર્જનું વીજબીલમાં સેટઓફ આપવા બાબતેનું અર્થઘટન કરવાની સતા અરજદારે કરેલ વ્હીલીંગ એગ્રીમેન્ટ ઉપરોક્ત મુદ્દા નં ૪.3 (અ-3) અન્વયે ફોરમના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ નથી.

Joshi.Mitinva.n.

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |